REGISTERED N. B. 431

श्री

# આત્માનંદ પ્રકાશ.

॥ सेव्यः सदा श्री गुरु कल्पवृक्षः ॥

स्रग्धरा.

शांतिः स्वांतप्ररूढा भवति भवततिभ्रांतिरुन्मूलिता च
ज्ञानानंदो ह्यमंदः प्रसरति हृदये तात्विकानंदरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाभः
आत्मानंदप्रकाशो यदि भवति नृणां भावभृद्हृद्विकाशः॥१॥

પુસ્તક ૧૦ મું. વિક્રમ સંવત્ ૧૯૬૮ વૈશાખ, અંક ૧૦ મો.

પ્રગટ કર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

વિષયાનુક્રમણિકા.

૧ અધ્યાત્મ રસિક શ્રીમાન્ દેવચંદ્રજી કૃત શ્રી સીમંધર સ્વામીની વિનંતિ, વ્યાખ્યા સહિત. ... ... ...૨૪૯
૨ પ્રાચીન ભાવના. ... ... ... ...૨૫૪
૩ સાત ક્ષેત્રોનાં અંતરંગ હેતુઓ. ... ... ...૨૫૯
૪ પવિત્ર જીવન અને તેની પ્રતિજ્ઞાઓ. ... ... ...૨૬૫
૫ વર્તમાન સમાચાર. ... ... ... ..૨૭૧

વાર્ષિક મૂલ્ય રૂા. ૧ પોસ્ટેજ આના ચાર.

ધી ઇન્ડીયન પ્રીન્ટીંગ વર્ક્સ—ભાવનગર.

## લાઈફ મેમ્બરોને ભેટ.

આ સભાના માનવંતા લાઈફ મેમ્બરોને નીચે જણાવેલા પુસ્તકો ભેટ આપવા માટે મુકરર થયા છે. કેટલાક તૈયાર થયા છે, કેટલાક તૈયાર થાય છે.

*૧ નવતત્ત્વ ભાષ્ય ( સંસ્કૃત મૂળ ગ્રંથ )
*૨ શ્રી જંબુસ્વામી ચરિત્ર ( ,, )
૩ શ્રી આત્મપ્રબોધ ( ભાષાંતર )
૪ શ્રી આત્મોન્નતિ ગ્રંથ.
૫ કાયસ્થિતિ.
૬ વિચાર પંચાશિકા.
૭ વિચારસિત્તરી
} મૂળ તથા ભાષાંતર સાથે.

૮ શ્રી ચતુર્વિંશતિ જિન સ્તવન તથા બાર ભાવના ( સ્વર્ગવાસી વિજયાનંદ સૂરીશ્વર ( આત્મારામજી મહારાજ ) કૃત આ ગ્રંથના પ્રસિદ્ધ કર્ત્તા શેઠ સુમેરમલજી સુરાણા–કલકત્તા નિવાસીના તરફથી.

*ઉપર જણાવેલા ગ્રંથો પૈકી પ્રથમ અને બીજો ગ્રંથ મૂળ સંસ્કૃત હોવાથી પ્રથમ મુજબ આ સભાના જે લાઇફ મેમ્બરો મંગાવશે તેમને મોકલવામાં આવશે, કારણ કે તે સિવાય તેવા મૂળ ગ્રંથો બહોળા પ્રમાણમાં તેના ખપી સાધુ, સાધ્વી મહારાજાઓ, જ્ઞાનભંડારપુસ્તકાલયોને સભાની જેમ તેઓની વતી ભેટ અપાયે જાય છે તેમ આ પણ અપાશે. અને બાકીના મૂળ સિવાયના તમામ ગ્રંથો દરેક વખતે ધારા મુજબ જેમ મોકલાય છે તેમ લાઇફ મેમ્બરોને પોસ્ટપૂરતા ખર્ચનું વી. પી. કરી. જ્યેષ્ટ માસથી મોકલવામાં આવશે.

---

## આ સભા તરફથી હાલમાં છપાતાં ઉપયોગી ગ્રંથો.

એકજ જાતના પુસ્તકો બે સ્થળોએ ન છપાય અને અન્ય પુસ્તક પ્રસિદ્ધ કર્ત્તાઓ જેમ પેપરદ્વારા આવી હકીકતો પ્રસિદ્ધ કરે છે તેવીજ રીતે જૈન સમાજની જાણ માટે આ હકીકત પ્રગટ કરવામાં આવે છે.

### હાલમાં છપાઇ બહાર પડવાની તૈયારીમાં

૧ રત્નપાળ નૃપ કથાનક [ મૂળ ] } શેઠ સાકરચંદ કેવળચંદ બેડાવાળા તરફથી.

૨ વિચાર પંચાશિકા [ મૂળ ] } શેઠ બાલમુકંદ નારાયણદાસ સુરતવાળા તરફથી,

લવાજમ જલદી મોકલો.

વી. પી. શરૂ કરવામાં આવ્યા છે.

અમારા માનવંતા ગ્રાહકોને ખુશખબર.

દશમા વર્ષની અપૂર્વ ભેટ.

# "ધ્યાન વિચાર ગ્રંથ."

અનાદિ કાળથી આ આત્માને વળગેલાં કિલષ્ટ કર્મો જેનાથી ભસ્મીભૂત થાય છે, રાગદ્વેષ રૂપી શત્રુઓને હણવાને જે તલવાર સમાન છે, કર્મના કઠિન દળ રૂપી ઇંધનને દહન કરવાને અગ્નિ સમાન જે ગણાય છે, સુવર્ણ સદ્દશ આત્માને વળગેલ કર્મ રૂપી રજ ઉડાડી દેવાને જે બળવત્તર સાધન છે, તેમજ મોક્ષ સુખને આપનાર જે સર્વોપરી અને પ્રબળ સાધન ગણતાં જેની શાસ્ત્રકારોએ અભ્યંતર તપમાં ગણના કરેલી છે, એવું જે શુભ **ધ્યાન** તેના સ્વરૂપને જણાવનારો, આત્માના સ્વ સ્વરૂપને પ્રતિપાદન કરાવનારો, ભવ્ય જીવોને મોક્ષ મહેલમાં જવાને સરલ માર્ગ બતાવનારો, આ અત્યુત્તમ ગ્રંથ પુર્વાચાર્યોની પદ્ધતિના અનુસારે શ્રીમાન **મુનિ મહારાજ શ્રી બુદ્ધિસાગરજી મહારાજ**ના તરફથી અથાગ શ્રમ લઇ તૈયાર કરવામાં આવ્યો છે.

આ ગ્રંથમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ ચાર પ્રકારનું ધ્યાનનું સ્વરૂપ એવી સરલ, સુંદર અને સાદી શૈલીથી દ્રષ્ટાંત સાથે લખવામાં આવ્યું છે કે ગમે તે મનુષ્ય ( જૈન કે જૈનેતર ) સમજી શક્યા વગર રહે તેવું નથી. ઉક્ત ગ્રંથ સામાન્ય રીતે સામાજીક ઉપયોગી હોવાથી દરેક મોક્ષાભિલાષી જીવોને પઠન પાઠન કરવા, તે પ્રમાણે સમજી વિચારી આત્માની ઉચ્ચતા પ્રગટ કરી મોક્ષ મેળવવા માટે ખાશ ઉપયોગી તેમજ રસાયણીક ભાવ ઔષધ રૂપ છે.

અમારા તરફથી દરવર્ષે અમારા ગ્રાહકોને નવીન નવીન દ્રવ્યાનુયોગના અત્યુપયોગી સુંદર ગ્રંથો આપવાનું દરેક વર્ષે મોટો ખર્ચ કરી સાહસ કરવામાં આવે છે; તેજ મુજબ આ વર્ષે પણ આ અપૂર્વ ગ્રંથ નિરંતર ઉપયોગનો હોવાથી તે શુમારે દશ ફારમનો ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી, કપડાના સુશોભિત બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. **સદરહુ ગ્રંથનું લવાજમના લેણા પુરતા પૈસાનું વી. પી. કરી અમારા કદરદાન ગ્રાહકોને ભેટ મોકલવાનું શરૂ કરવામાં આવ્યું છે.** જેથી અમારા સુજ્ઞ ગ્રાહકો તેની કદરબુઝી વી. પી. સ્વીકારી લવાજમ મોકલી પોતાની ગુરૂ ભક્તિ દર્શાવવા સાથે ધાર્મિક સંસ્થાને ઉત્તેજન આપવા ચુકશો નહિ.

આવા ગુરૂ સ્મરણીય અને જૈન કોમના લાભાર્થે નીકળતા માસિકના ઉત્તેજનાર્થે ગ્રાહક થવા કે ગ્રાહક થઇ–હોઈ વી. પી. સ્વીકારવા કોઈ પણ ધર્મ ચુસ્ત જૈન બંધુ ના પાડી કે વી. પી. નહીં સ્વીકારી ગેરવાજબી નુકસાન કરેજ નહીં એવો અમોને સંપૂર્ણ ભરૂસો છે.

કેટલાક ગ્રાહકો માસિકો બે, ચાર, પાંચ માસ કે છેવટ સુધી રાખી વી. પી. ની જાહેર ખબર જ્યારે આપવામાં આવે છે ત્યારે કે કે વી. પી. કરવાના અરસામાં છેલ્લો કે તે અગાઉના અંકો પાછા મોકલે છે અને કેટલાક બંધુઓ તો છેવટ સુધી માસિક રાખી વી. પી. પાછું ધકેલી નાહક જ્ઞાનખાતાને નુકસાન કરે છે. ગ્રાહક ન રહેવું હોય તો તેમણે પ્રથમથીજ જણાવી દેવું જોઇએ અને જો છેવટ સુધી અંકો રાખ્યા હોય તો વી. પી. સ્વીકારી લેવું જોઇએ, તેમજ ઓછા અંકો રાખ્યા તેટલાના પૈસા મોકલી આપવા એ સુજ્ઞોનું કર્તવ્ય છે.

કેટલાક ગ્રાહકોને આગલા લેણા લવાજમ માટે એક કરતાં વધારે ( વખત ) વી. પી. કર્યાં છતાં વી. પી. નહિ સ્વીકારતાં–લવાજમ નહીં મોકલતાં જ્ઞાન ખાતાને ગેરવાજબી નુકસાન કર્યું છે તેઓએ હવે લવાજમ મોકલી ભેટની બુક મંગાવી લેવી અથવા પત્ર દ્વારા જણાવવું.

**જે ગ્રાહકોએ વી. પી. ન સ્વીકારવું હોય તેમણે તરતજ અમોને લખી જણાવવું જેથી તેમને માટે નાહક વી. પી. નો ખર્ચ કરવામાં આવે નહિ.**

श्री


# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૧૦ મું. વિક્રમ સંવત્ ૧૯૬૯ વૈશાખ. અંક ૧૦ મો.


## અધ્યાત્મ રસિક શ્રીમાન્ દેવચંદ્રજીકૃત
## શ્રી સીમંધર સ્વામીની વિનતિ
## ( [1]વ્યાખ્યા સહિત )

( વ્યાખ્યાકાર મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

પ્રભુ નાથ તું તિય લોકનો, પ્રત્યક્ષ ત્રિભુવન ભાણ;
સર્વજ્ઞ સર્વદર્શી તુમે, તુમે શુદ્ધ સુખની ખાણ. જિનજી વિ૦ ૧.

પ્રભુ જીવજીવન ભવ્યના, પ્રભુ મુજ જીવન પ્રાણ;
તાહરે દર્શને સુખ લહું, તુંહી જગત સ્થિતિ જાણ. જિ૦ વિ૦ ૨

તુજ વિના હું બહુ ભવ ભમ્યો, ધર્યા વેશ અનેક;
નિજભાવને પરભાવનો, જાણ્યો નહિં સુવિવેક. જિ૦ વિ૦ ૩

---

સૂચના. ૧ પ્રભાતમાં અથવા અન્ય અનુકૂળ વખતે હરેક જૈન-સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાએ આ વિનતિ જિન-મંદિરમાં અથવા ઇશાન કોણ સન્મુખ રહી પ્રતિદિન સ્થિરતા પૂર્વક લક્ષ રાખીને સ્વકલ્યાણાર્થે કહેવાની છે.

ધન્ય તેહ જે નિત્ય પ્રહસમે, દેખેજ જિન મુખચંદ;
તુજ વાણી અમૃત રસ લહી, પામે તે પરમાનંદ. જિ૦ વિ૦ ૪

એક વચન શ્રી જિનરાજનું, નય ગમ ભંગ પ્રમાણ;
જે સુણે રૂચિથી તે લહે, નિજ તત્ત્વ સિદ્ધિ અમાન. જિ૦ વિ૦ ૫

જે ક્ષેત્ર વિચરો નાથજી, તે ક્ષેત્ર અતિ સુસથ્થ;
તુજ વિરહ જે ક્ષણ જાય છે, તે માનીયે અકયથ્થ. જિ૦ વિ૦ ૬

શ્રી વીતરાગ દર્શન વિના, વીત્યો જે કાળ અતીત;
તે અફળ મિચ્છાદુક્કડં, તિવિહં તિવિહની રીત. જિ૦ વિ૦ ૭

પ્રભુ વાત મુજ મનની સહુ, જાણોજ છો જગનાથ;
સ્થિર ભાવજો તુમચો લહું, તો મિલે શિવપુર સાથ. જિ૦ વિ૦ ૮

તુજ મિલે હું સ્થિરતા લહું, તુજ વિરહે ચંચળ ભાવ;
એક વાર જો તન્મય રમું, તો કરૂં અચળ સ્વભાવ. જિ૦ વિ૦ ૯

પ્રભુ અછો ક્ષેત્ર વિદેહમાં, હું રહું ભરત મઝાર;
તો પણ પ્રભુના ગુણ વિષે, રાખું સ્વચેતન સાર. જિ૦ વિ૦ ૧૦

જો ક્ષેત્ર ભેદ ટળે પ્રભુ, તો સરે સઘળાં કાજ;
સન્મુખ ભાવ અભેદતા, કરી વરૂં આતમ રાજ. જિ૦ વિ૦ ૧૧

પર પુંઠ ઇહાં જેહની, એવડી જે છે સ્વામ;
હાજર હજૂરી તે મળે, તો નિપજે કેટલું કામ. જિ૦ વિ૦ ૧૨

ઇંદ્ર ચંદ્ર નરેન્દ્રનું, પદ ન માગું તિલ માત્ર;
માગું પ્રભુ મુજ મન થકી, ન વિસરો ક્ષણ માત્ર. જિ૦ વિ૦ ૧૩

જિહાં પૂર્ણ સિદ્ધ સ્વભાવની, નવિ કરી શકું નિજ રિદ્ધ;
તિહાં ચરણ શરણ તુમારડા, એહિજ મુજ નવ નિધ. જિ૦ વિ૦ ૧૪

મારી પૂર્વ વિરાધના, યોગે પડ્યો એ ભેદ;
પણ વસ્તુ ધર્મ વિચારતાં, તુજ મુજ નહિં છે ભેદ. જિ૦ વિ૦ ૧૫

પ્રભુ ધ્યાન રંગ અભેદથી, કરી આત્મભાવ અભેદ;
છેદી વિભાવ અનાદિનો, અનુભવું સ્વસંવેદ. જિ૦ વિ૦ ૧૬

વિનવું અનુભવ મિત્રને, તું ન કરીશ પર રસ ચાહ;
શુદ્ધાત્મ રસ રંગી થઈ, કર પૂર્ણ શક્તિ અબાહ. જિ૦ વિ૦ ૧૭

જિનરાજ શ્રીમંધર પ્રભુ તેં લહ્યું કારણ શુદ્ધ;
હવે આત્મ સિદ્ધિ નિપાવવી, શી ઢીલ કરીયેં બુદ્ધ. જિ૦ વિ૦ ૧૮

કારણે કારજ સિદ્ધિનો, કરવો ઘટે ન વિલંબ;
સાધવી પુર્ણાનંદતા, નિજ કર્તૃતા અવિલંબ. જિ૦ વિ૦ ૧૯

નિજ શક્તિ પ્રભુ ગુણમાં રમે, તે કરે પૂર્ણાનંદ;
ગુણ ગુણીભાવ અભેદથી, પીજિયેં શમ મકરંદ. જિ૦ વિ૦ ૨૦

પ્રભુ સિદ્ધ બુધ મહોદયી, ધ્યાને થઇ લય લીન;
નિજ **દેવચંદ્ર** પદ આદરે, નિત્યાત્મ રસ સુખ પીન. જિ૦ વિ૦ ૨૧

## ' વ્યાખ્યા. '

હે પ્રભુ ! આપ ત્રણ લોકના નાથ ( સ્વામી ) છો. ત્રણ લોકના સર્વે ભાવ સૂર્યની જેમ આપ પ્રગટ કરી બતાવો છો. આપ કેવળ જ્ઞાન, દર્શનથી અલંકૃત છો. ક્ષાયક ( અનંત યથાખ્યાત ) ચારિત્ર અને અનંત લબ્ધિઓના પ્રગટધારક છો. તેથી હું આપ પાસે એક અરજ ગુજારૂં છું. મને સંપૂર્ણ આશા છે કે મારી અરજ ખાલી નહિંજ જાય. તે જરૂર લેખે પડશેજ. ૧

ભવ્ય જનોને આપજ ખરા આધારભૂત છો. અને મને વળી મારા પ્રાણથી પણ વધારે વ્હાલા છો. આપના દર્શનનો મને પ્રગટ લાભ મળે તો હું ખરૂં ( સ્વભાવિક ) સુખ પામું. આપ સમસ્ત વસ્તુ સ્થિતિ જાણોજ છો. તેથી વધારે શું કહું ? ૨

આપના આલંબન વિના મેં બહુ ભવ ભ્રમણ કર્યું. તેમાં પણ વિવિધ જાતના સુખ દુઃખનો અનુભવ કર્યો. પરંતુ જેનાથી સમસ્ત ઉપાધિનો અંત આવે અને એકાંત સુખની પ્રાપ્તિ થઇ શકે એવો સદ્વિવેક મને જાગ્યો નહિં. તે હવે મને જલદી પ્રાપ્ત થાઓ ! ૩

જે ભવ્યજનો પ્રભાતમાં ઉઠતાંજ પ્રતિદિન આપનાં સાક્ષાત્ દર્શન કરે છે તે ધન્ય–કૃતપુન્ય છે. જે ભાગ્યવંત જનો હર હમેશ આપની પવિત્ર અમૃતવાણિનું પાન કર્યા કરે છે અને પરમ આનંદ અનુભવે છે તે વળી ધન્ય ધન્ય છે. હું એજ ઇચ્છું છું. ૪

કેમકે નય, ગમ, ભંગ અને પ્રમાણ-યુક્ત આપનું એક પણ વચન રૂચિથી શ્રવણ કરનાર ખરેખર પોતાના આત્મતત્ત્વને ઓળખી લે છે. ૫

જે **મહાવિદેહ** ક્ષેત્રમાં આપ વિચરો છો તે ક્ષેત્ર અતિ પવિત્ર છે. જેટલો સમય આપનો વિરહ છે તેટલો સમય અલેખાનો ગણું છું. ૬

જે અતીત અનંતકાળ આપ સદૃશ સર્વજ્ઞ વીતરાગના દર્શન વગર વીત્યો તે સર્વ અફળ ગણું છું. હવે ફરી દર્શન વિરહ ન હો.૭

હે પ્રભુ ! મારા મનની સઘળી વાત આપ જાણોજ છો. જો હું આપ સમાન સ્થિરતા પામું તો હું અવશ્ય મોક્ષ સુખ મેળવું. ૮

આપ સંયોગે હું સ્થિરતા પામું અને આપના વિરહે અસ્થિર થાઉં છું. જો એક વાર તન્મય-સ્થિરથોભ થઇ જાઉં તો પછી ફરી અસ્થિર થાઉં નહિં. મતલબ કે તે મારી સ્થિરતા સદાય જળવાઇ રહે. ૯

આપ **વિદેહ** ક્ષેત્ર માં વસોછો. અને હું અત્ર ભરતક્ષેત્રમાં વસુંછું તોપણ આપના ઉત્તમોત્તમ ગુણોમાં મારૂં મન સ્થાપુંછું. મતલબ આપના પવિત્ર ગુણોનું હું રટન કર્યા કરૂંછું. તે આપ સમાન ઉત્તમ ગુણ પામવા માટે અને તેજ મને પ્રાપ્ત થાઓ. ૧૦

જો હું આપ સમીપે વિદેહ ક્ષેત્રમાંજ અવતાર પામું તો મારૂં સઘળું કામ સિધ્ધ થાય. આપના પુષ્ટ આલંબન વડે સદ્‌ગુણોનો અભ્યાસ કરી અનુક્રમે આપ સાથે અભેદતા પામું. મતલબ કે હું પણ પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરૂં. ૧૧

પ્રભુ ! આપનો સાક્ષાત્ ભેટો થયા પહેલાં પરોક્ષ રીતે આપનું, આપના પવિત્ર ગુણનું સ્મરણ-રટન કરવાથી પણ મને આટલું હિત થયું છે થાય છે તો પછી જ્યારે આપનું સાક્ષાત્ દર્શન થાય ત્યારે તો કેટલું બધું હિત સધાય ! ૧૨.

હું આપની પાસે ઇંદ્ર, ચંદ્ર, કે ચક્રવર્તીની રિદ્ધિ માંગતો નથી મને તેની તલ માત્ર પણ ઇચ્છા નથી. આપ મારા મન મંદિરમાં-મારા હૃદય કમળમાં-સદાય બિરાજમાન રહો, મને આપ લગારે વિછોહ ન આપો એજ માગું છું ૧૩.

જ્યારે હું જાતે-સ્વતંત્રપણે કોઇના કશા આલંબન વગર સ્વસત્તાગત રહેલી સિધ્ધ સમાન નિજ રૂધ્ધિ અત્યારે પ્રગટ કરી શકું એવી સંપૂર્ણ સ્થિતિમાં નથી, ત્યારે મ્હારૂં ઉક્ત કાર્ય સિધ્ધ કરવાને માટે સરલતા થાય તેવી પવિત્ર બુધ્ધિથી આપના પવિત્ર ચરણોનું શરણ ગ્રહી રહું તે મને અત્યંત લાભદાયક લાગે છે. ૧૪.

પૂર્વે—ગત ભવમાં ધર્મની યથાર્થ આરાધના નહીં કરી શકવાથી તેમજ સ્વચ્છંદ વર્તનવડે ઉલટી ધર્મની વિરાધના કરવાથી આપમાં અને મહારામાં આટલું બધું અંતર પડયું છે. એટલે આપની સમસ્ત ગુણ રૂદ્ધિ પ્રગટ થઇ છે અને મહારી તેવીજ રૂધ્ધિ અદ્યાપી તિરોભૂત ઢંકાએલી અવરાએલી છે. પરંતુ નિશ્ચય નયથી વસ્તુ સ્વરૂપ વિચારતાં એ દીસતું અંતર વિસરી જવાય છે. ૧૫.

આપ (પરમાત્મ-પ્રભુ )નું સ્વરૂપ એકાગ્રતા પૂર્વક ચિંતવી તેના દૃઢ અભ્યાસથી સર્વ ભેદભાવ તજી દૂર કરી એટલે અનાદિ પરિચિત વિભાવનો વિચ્છેદ કરી હું પોતે પોતાને સાક્ષાત અનુભવી શકું. ૧૬.

તેટલા માટે હવે હું મારા **અનુભવ મિત્રને પણ વિનવું છું** કે ભલો થઈને તું પરપુદ્ગલિક વસ્તુની ચાહના હવે કરીશમાં; કેમકે એમ કરવાથી મારા કાર્યમાં સ્ખલના પડશે. હવે તો પરમાત્મ પદનાજ રંગી થઇ શુદ્ધ સ્વભાવિક સુખનાજ રસિક બની તેનીજ પ્રાપ્તિ માટે ખેદ રહિત સંપૂર્ણ પ્રયત્ન કરવાનો છે. ૧૭.

હે અનુભવ મિત્ર! શ્રી **સીમંધર સ્વામી** સદૃસ વિશુધ્ધ પુષ્ટ નિમિત્ત પામી હવે નિજ સ્વરૂપ પ્રાપ્તિ કરી લેવામાં ઢીલ કરવી કોઈ રીતે યુક્ત નથી તને પ્રાજ્ઞને વધારે સમજાવવાની—ચેતાવવાની શી જરૂર ? ૧૮.

અનુકુળ કારણ યોગે કાર્ય સિદ્ધિ થાયજ છે તેથી હે મિત્ર! અત્ર

પ્રસ્તાવે પ્રમાદ કરવો ઘટતો નથી, જેમ બને તેમ ચીવટ રાખી પ્રમાદ રહિતપણે સર્વ કર્મ પાશ તોડી નાંખી પોતાની સંપૂર્ણ સ્વતંત્રતા એટલે પૂર્ણાનંદતા પ્રગટ કરવાજ તન્મય થવું ઘટે છે. મતલબ કે નિજ સત્તાગત રહેલી અનંતી અપાર રૂદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત કરી લેવાની આવી મળેલી અનુકૂળ તક પ્રમાદ વડે ગમાવી નહિં દેતાં તેને પૂર્ણ ઉત્સાહથી વધાવી લઇ અવિશ્રાન્તપણે ખેદ રહિત તેમાંજ મચ્યા રહી શીઘ્રસ્વસમીહિત સાધી લેવું એજ અત્ર અવસ્ય કર્તવ્ય છે. તેમાં રંચમાત્ર ઉપેક્ષા કરવી યોગ્ય નથીજ. ૧૯

જે પોતાની શક્તિનો ઉપયોગ પ્રભુ ગુણના અભ્યાસમાં કરે એટલે પ્રભુની પવિત્ર આજ્ઞાનુ પ્રમાદ રહિત પાલન કરવામાંજ સ્વશક્તિનો સદુપયોગ કરે તે અવશ્ય પૂર્ણાનંદને પામેજ અને એવી રીતે ગુણનો અભ્યાસ કરી-ગુણને ખીલવી-પૂર્ણતાને પમાડી, તેવાજ સંપૂર્ણ ગુણી સાથે એકતા પામી પરમ શિતલ શમામૃતનું સદાય પાન કરવું મને પ્રિય છે. તેજ મને પ્રાપ્ત થાઓ ! ૨૦

જે કોઇ કર્મ મુક્ત, સંપૂર્ણ તત્ત્વવેદી અને પૂર્ણાનંદી એવા પ્રભુના ધ્યાનમાં લયલીન બની જાયછે. તે શાશ્વત અને સ્વભાવિક આત્મ સુખથી પુષ્ટ એવા પરમાત્મ પદને પોતેજ પામે છે. અથવા તે પ્રભુ ધ્યાનમાં લય લીન થઇ જનાર પોતેજ પરમ પદને પ્રાપ્ત થઇ સદા શાશ્વત અને સ્વભાવીક એવા પરમાનંદ સુખમાં નિમગ્ન રહે છે. તેજ સ્થિતિ આ કિંકરને પ્રભુ કૃપાએ પ્રાપ્ત થાઓ ! ઇતિ ૨૧.

# પ્રાચીન ભાવના

એ શું

## આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાનું એક પ્રબલ સાધન છે?

વર્ત્તમાનકાળની સ્થિતિનો વિચાર કરતાં પ્રાચીનકાળની મહત્તા જણાઇ આવે છે. એ મહત્તાનો યોગ આ કાળે થવો દુર્લભ છે, એવા સંયોગો અને એવી અનુકૂળતા પ્રાપ્ત થવી અશક્ય છે, તથાપિ આ-

પણે આપણા પ્રાચીનકાળની ભાવના ભાવવી જોઇએ. એ ભાવના ભાવવાથી આપણા હૃદયમાં પૂર્વની સ્થિતિનું ભાન થઇ આવશે. અને તેમ વારંવાર થવાથી આપણા હૃદયમાં તેવી સ્થિતિ મેળવવાની ઉત્કંઠા ઉત્પન્ન થઇ આવશે, જેથી કોઇ કાળે ભાવનાના બળથી આપણી સ્થિતિમાં કેટલોએક સુધારો કરવાની ઇચ્છા પ્રગટ થઇ આવશે, એવી ઇચ્છાની સાથે જનસમૂહની ઇચ્છાઓ મળવાથી કોઇ સમયે આપણને પૂર્વની ઉચ્ચ સ્થિતિનું થોડે ઘણે અંશે દર્શન થયા વિના રહેશે નહીં. અને તેમ થતાં અર્વાચીન સ્થિતિમાં આપણી ઉન્નતિ થઇ શકશે. આપણા પૂર્વજોની દયા અને પ્રેમનું સ્મરણ કરતાં જણાશે કે, તે પવિત્ર પુરૂષોના નિર્મલ હૃદયમાંથી અનિવાર્ય પ્રેમનો ઝરો વહ્યા કરતો હતો. તેમનીદયામાં દિવ્ય અંશો રહેલા હતા. સમાન ભાવની શીતળ છાયામાં તેઓ વિશ્રાંત થતા હતા. સંબંધી કે અસંબંધી, પરિચિત કે અપરિચિત ગમે તે પ્રાણી તેમના દયામૃતના ઝરામાં સ્નાન કરી સર્વ ઉપાધિમુક્ત અને સુખી થતો હતો. ગમે તેવા કષ્ટમાં, કટાકટીના પ્રસંગમાં શારીરિક કે માનસિક અનેક આપત્તિઓમાં પણ તેઓ અડગ રહેતા હતા. તેમના હૃદયની દયા અને પ્રેમ પ્રત્યેક પ્રાણીપ્રતિ કદિ પણ ન્યૂનતાને ધારણ કરતા નહીં. તે પ્રાચીન મહાશયોની દયા કોઇ બાહ્ય વિભૂતિઓને લઇને હતી નહીં, પણ અંતરંગપણે હતી. દેવ, ગુરૂ અને ધર્મના શુદ્ધ સ્વરૂપને સમજનારા અને સતત શાસ્ત્ર શ્રવણ કરી આત્મિક બોધને પ્રાપ્ત કરનારા તેઓ સમજતા હતા કે, " આ સંસારની દ્રશ્યમાન થતી બાહ્ય વિભૂતિઓ નાશવંત છે, દેહ વિદ્યુત્‌ના ચમકારાની જેમ ક્ષણિક છે, સર્વ પુદ્ગલિક વસ્તુ ઉપર ઉત્પન્ન થયેલો મોહ મૃગજળની જેમ મિથ્યા છે." આત્મા સ્વભાવે શુદ્ધ છે, નિર્મળ છે, સાંસારિક ઉપાધિઓને લઇને પ્રબદ્ધ થયેલા કર્મોની મલિન છાયા તેને અશુદ્ધ બનાવી દે છે, તે સચ્ચિદાનંદરૂપ છે, પરમાત્માનું સ્વરૂપ છે, જ્યારે મોહમય કર્મ જાળમાંથી તે મુકત થાય છે, ત્યારે તે સિદ્ધરૂપ બને છે " આવા વિચારથી તેઓ સર્વદા રાગ–દ્વેષથી દૂર રહેતા હતા. તેઓ સ્નેહ, સંપને આનંદ અને સુખનું સ્થાન જાણતા હતા. તેમના હૃદયમાં વિરક્તભાવ સદા જાગ્રત રહેતો હતો; આથી તેઓ વિલાસ

વૈભવને હૃદયથી ચાહતા ન હતા. શારીરિક કે પાદાર્થિક સૌંદર્યને તેઓ ઇચ્છતા ન હતા, તેને પુદ્ગલિક જાણી તે તરફ ઉપેક્ષા રાખતા હતાં. તેઓ સ્વભાવથી સુશીલ અને હૃદયના પ્રેમાળ હતા તેમને સદ્ગુણોનું સૌંદર્ય રૂચિકર હતું. તેઓ આત્માને સર્વ સદ્ગુણોનો નિવાસ કરવાની ચાહના રાખતા હતા. તેઓ ધૈર્યના પર્વત હતા. સ્થિરતા દૃઢતા અને નિર્મળતાને ધારણ કરનારા હતા, રાજ્ય, ગૃહવૈભવ અને અનેક રંગ વિલાસની વસ્તુ તથા સર્વ સુખના સાધનો ત્યજી દેવામાં તેઓ બહાદૂર હતા. કુસુમના જેવી કોમળ શય્યાનો તૃણવત્ ત્યાગ કરી કંટકવાળી કઠોર શય્યામાં તેઓ શયન કરતા હતા. અર્થ તથા કામના સર્વ સ્વાર્થો ત્યજી દઇ ઉગ્ર તપસ્યા કરવાને તેઓ તત્પર થતા હતા. ચરિતાનુયોગરૂપ મહાસાગરમાંથી તેમના ઉજ્વળ જીવન ચરિત્રો અદ્યાપિ ભારત વર્ષમાં ગવાય છે. તે પૂર્વજોના પ્રવર્ત્તનોને પૂર્ણ ધન્યવાદ ઘટે છે, તેમના ઉજ્વળ દૃષ્ટાંતોમાંથી આપણને ઘણું શીખવાનું અને આચરવાનું મળી આવે છે, તેમના અતિ ઉત્તમ ચરિત્રોનું મનન કરવાથી તેમના દ્રઢતા ભરેલા ઉચ્ચતમ આચાર–વિચારોનું શ્રીમંતાઇ અને વૈભવ ભરેલી સ્થિતિમાંથી અકસ્માત્ રંકતા પ્રાપ્ત કરી જંગલમાં મંગલ કરતા, ઉગ્ર તપ તપતા. તે તપસ્વીઓના તેજનું, તેઓના નિર્મળ, અખંડીત પંચ મહાવ્રતો વાળા ચારિત્રનું, દયાના મૂર્તિમાન્ દેવતા જેવા તેમના ગૃહસ્થ શ્રાવકત્વનું અને દેવ ગુરૂ અને ધર્મ તત્ત્વમાં શુદ્ધતાથી પ્રવર્ત્તતા તેમના સમ્યકત્વનું જ્યારે આપણે સ્મરણ કરીએ છીએ, ત્યારે સાનંદાશ્ચર્યથી તેમના પવિત્ર નામને તેઓને તેવું સામર્થ્ય આપનાર પ્રભુ ભક્તિને અને તેઓને જન્મ આપનાર માતા પિતાને ધન્યવાદ દેતાં દેતાં આપણે તે પવીત્ર આત્માને વારંવાર નમન કરવું જોઇએ.

પ્રાચીન આપણા આચાર્યો દીર્ઘદર્શી અને સમદર્શી હતા તેમના હૃદયની વિશાળતા એટલી બધી હતી કે, તેઓ આખા વિશ્વના કલ્યાણનું સર્વદા ચિંતવન કરતા હતા. હૃદયનો સંકોચ અને પક્ષપાત તેમનાથી અતિશય દૂર હતા, તેઓ પોતાના દઢ નિશ્ચયથી અને અપૂર્વ આત્મબળથી પોતાના ચારિત્રને અને આચાર્યત્વને

જાળવી શકતા હતા. આપણા દયામૂર્ત્તિ મહામુનિઓ પોતાના ચારિત્ર ને દૃઢ રાખી દયા ધર્મની ઉન્નતિ કરતા હતા. અનેક જાતના પરીષહો સહન કરી પૃથ્વી પર વિચરતા અને પોતાના આચાર પ્રમાણે વર્ત્તી સર્વ પ્રાણીઓનું અખંડ કલ્યાણ કરતા હતા. ઉચ્ચ અને ઉદાર હૃદયવાળા, સહનશીલ અને દયા ધરનારા તે પવિત્ર જગત્ પાવન મહાત્માઓના ઉદાત્ત આત્માને અને પ્રાતઃસ્મરણીય તેમના પવિત્ર નામને કયો ભવ્ય આત્મા નહીં નમે ?

વળી ચારિત્ર ધર્મને યથાર્થ પાળનારી, ધર્મના ઉજ્વલ યશનું ગાન કરતી, મહાન્ પરિષહોના કષ્ટો વેઠી શીલ રત્નની સર્વદા રક્ષા કરતી પ્રાચીન પવિત્ર સાધ્વીઓના નામનું સ્મરણ કરો. સંસારમાં શ્રાવિકા ધર્મને યથાર્થ પાળી ચારિત્ર ધારી પતિને પગલે ચાલવા ચારિત્ર ધારિણી થયેલી તે સાધ્વીઓને જેટલો ધન્યવાદ આપીએ, તેટલો ઓછો છે.

શુદ્ધ સાત્વિક પ્રેમાળ હૃદયને ધારણ કરનારા, રાજ્ય, ગૃહ, સ્ત્રી, અને કુટુંબના મોહપાશને તોડી સાગારત્વમાંથી પ્રસાર થઈ અનગારત્વમાં આવનારા પ્રાચીન ગૃહસ્થ શ્રાવકોના પવિત્ર નામને આપણે રસનાપર આરૂઢ કરવા જોઇએ. તે ગૃહસ્થયોગીઓએ ધર્મ, નીતિ, અને વ્યવહારના માર્ગો સુધારી દયા ધર્મને દીપાવ્યો છે. અખંડ પ્રયાસ કરી તેમણે પરોપકારનું મહાવ્રત ધારણ કર્યું હતું. અતિ કષ્ટ ભોગવી સંપાદાન કરેલા દ્રવ્યને સાત ક્ષેત્રોમાં ખર્ચી પોતાના ગૃહસ્થ જીવનને કૃતાર્થ કર્યું હતું. તે સુશીલ વિચારવંત ગૃહસ્થ શ્રાવકો લૌકિક દૃષ્ટિની બાહેર હોઇને વિલાસ–વૈભવની બાહ્ય સમૃદ્ધિઓને તુચ્છ ગણીને પારલૌકિક, સદ્ગુણમયી, અધ્યાત્મ, સમૃદ્ધિ ઉપર વિશેષ પ્રેમ રાખતા હતા. તેઓ વિવિધ પ્રકારનું સામર્થ્ય પ્રાપ્ત કરી સંઘ અને જ્ઞાતિની ઉન્નતિ કરવાને તન, મન, અને ધનથી પ્રયત્ન કરતા હતા. તેમની મનોવૃત્તિમાં રાગ દ્વેષને સ્થાન મળ્યું ન હતું. તેમના પ્રેમાળ હૃદયની દૃઢતા, સધર્મી બંધુઓ તરફ વત્સલતા, આત્મ ભોગ આપી પરોપકાર કરવાની ઉદારતા અને સૌજન્યતા નિરવધિ હતા. તેઓ પરહિતમાં આત્મહિત સમજી સર્વદા ઉપકાર વૃત્તિ રાખતા હતા. તેઓ

એક વચની અને ટેકદાર હતા. મન, વચન અને ક્રિયામાં તેમની એકતા હતી. જે મનમાં ધારતા, તે વચનથી પ્રગટ કરતાં અને પછી તેને ક્રિયામાં મુકતા હતા.

સતી ધર્મને ધારણ કરનારી પ્રાચીન શ્રાવિકાઓના પ્રાતઃસ્મરણીય પવિત્ર નામનું સ્મરણ કરો. તેઓનો પ્રેમ પવિત્ર, નિર્મળ દઢ, અને ઉચ્ચ હતો. કોમળતા, ઉદારતા અને પવિત્રતાની પ્રભાથી તેઓ પ્રકાશમાન હતી. સત્ય, નીતિ, દયા, ધર્મ અને શુદ્ધતાને પોષણ કરનારી પ્રાચીન શ્રાવિકાઓ હૃદયથી અને મસ્તકથી વંદનીય છે. આ આર્યાવર્ત્તમાં પોતાના શીલવ્રતની કીર્ત્તિને અમર મુકી ગયેલી છે. તેઓ શરીરથી મરણ ધર્મને પ્રાપ્ત થયેલ છે, છતાં તેમના યશઃ શરીર અદ્યાપિ અમર છે. તેમના પવિત્ર ચરિત્રોને અદ્યાપિ ભારતીય જૈન પ્રજા ઉંચે સ્વરે ગાય છે અને પોતાની આવશ્યક ધાર્મિક ક્રિયામાં તેમના પવિત્ર નામનું સતત સ્મરણ કરી પોતાના આત્માને પવિત્ર કરે છે. તે સદ્ગુણી શ્રાવિકાઓ સમજતી હતી કે, દયા એજ આપણું હૃદય છે, પવિત્રતા એજ આપણું પોષણ છે, શીલ એજ આપણો શણગાર છે, ઉદારતા તથા આત્મભોગ એજ આપણું કર્ત્તવ્ય છે, ધર્મ પાળી ગુરૂજન તથા પતિની સેવા કરવી એ આપણું શિક્ષણ છે, સત્ય, નીતિ, અને દયા એ આપણું જીવન છે. ”

આ પ્રમાણે પ્રાચિનકાળના ચતુર્વિધ સંઘની સ્થિતિની ભાવના ભાવી વર્ત્તમાનકાળે તેવી સ્થિતિનું પુનઃદર્શન થાય, એવી અંતરંગ ઇચ્છા આપણે ધારણ કરવી જોઈએ. તે પ્રાચીન સ્થિતિનું સ્વરૂપ આપણાં પવિત્ર સાધુઓમાં, સુશીલ સાધ્વીઓમાં, શ્રદ્ધાળુ શ્રાવકોમાં, અને સદ્ગુણી શ્રાવિકાઓમાં પાછું પ્રકાશિત થાય, અજ્ઞાનતાનું અંધકાર દૂર થાય, શિથિલ થયેલું નૈતિક બળ પુનઃ સતેજ થાય, અને રાગ દ્વેષની મલિન છાયા વિનષ્ટ થાય એ આપણી અંતરની આશા છે, તે વીરશાસનના પ્રભાવિક દેવતા સફલ કરો.

સ્વાર્થ, પક્ષપાત, કુટિલતા અને માન પ્રમુખ દુર્ગુણોમા સપડાએલી કેટલીએક વર્ત્તમાનકાળની જૈન પ્રજા તે દુર્ગુણોમાંથી મુક્ત

થઈ ઉપર કહ્યા તેવા મહાન ધાર્મિકોનો દાખલો લઇ અતિ ઉચ્ચ એવા ધાર્મિક, નૈતિક અને માનસિક બળ પ્રાપ્ત કરી અધોગતિ અથવા અવનતિનું નિર્મૂળ કરવા તત્પર થાય. આધુનિક આર્હત પ્રજામાંના કેટલાક ભાગના મન ટુંકા ને સ્વાર્થી છે, તેમની બુદ્ધિ શક્તિહીન, અદ્દઢ અને અસ્વસ્થ છે, ધર્મ અને નીતિની કેળવણીથી તે ઘણે ભાગે વિમુખ છે, તે આવી પ્રાચીન ભાવના ભાવી સત્ય રહસ્યને શોધી પુનઃ પોતાનું પ્રાચીન સામર્થ્ય પ્રાપ્ત કરે, એ આ પ્રાચીન કાળની ભાવવાનું ફલ છે. એટલુંજ નહીં પણ જો આ પવિત્ર ભાવના નિરંતર ભાવવામાં આવે તો વર્ત્તમાનકાળની જૈન પ્રજા પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખી શકશે એટલે તેમના સમજવામાં આવશે કે, આપણે દોષથી કેટલા દૂષિત થયેલા છીએ. આપણું જીવન દીપ રૂપ જ્ઞાન કેટલું નષ્ટ થયું છે? જૈન શાસન દેવતા, સહાય કરો અને પ્રાચીન કાળની ઉચ્ચ સ્થિતિની આ ભાવના ભાવનાની સર્વ જૈન પ્રજાને પ્રેરણા કરો.

"તથાસ્તુ"

# સાતક્ષેત્રોનાં અંતરંગ હેતુઓ.

( ગતાંક ૮ માના પૃષ્ટ ૨૦૨ થી શરૂ. )

## ચૈત્યક્ષેત્ર.

સાતક્ષેત્રોમાં છઠ્ઠા ક્ષેત્ર તરીકે **ચૈત્ય** ક્ષેત્રની ગણના કરવામાં આવી છે. મૂર્ત્તિપૂજક સંપ્રદાયનો આધાર ચૈત્યક્ષેત્રની ઉપર છે. પરમાત્મા અથવા મહાન્ આત્માની મૂર્ત્તિનું સ્થાન ચૈત્ય છે, એથી તે આર્હત ધર્મના ધ્યાન પૂજનનું અવલંબનરૂપ ગણાય છે. દ્રવ્ય અને ભાવ–ઉભયનો ઉલ્લાસ થવાનું પ્રેમ ભાવના અને હૃદયની શુદ્ધિને પ્રગટાવવાનું અને આત્મિક ઉન્નતિને અર્પવાનું ઉત્તમ સાધન ચૈત્ય છે, આથી ભગવાન્ તીર્થંકરોએ તેને સાત ક્ષેત્રોમાં ગણેલું છે અને તેની ઉપયોગિતા સિદ્ધ કરી બતાવે છે.—

આર્હત ધર્મમાં દર્શાવેલા ભક્તિ ધર્મનું સ્વરૂપ ચૈત્યની પવિત્ર

પ્રતિમા ઉપરથી દેખાય છે. પ્રતિમાના નિરીક્ષણથી જે ભાવોલ્લાસ પ્રગટી આવે છે, તેવો ભાવોલ્લાસ બીજા કોઈ અવલંબનથી પ્રગટી આવતો નથી. ભક્તિની તેજોમય કીર્ત્તિ ચૈત્યક્ષેત્રમાં સ્ફુરી આવે છે. પ્રેમભક્તિનું શુદ્ધ સ્વરૂપ ચૈત્યક્ષેત્રમાંજ રહેલું છે. ચૈત્યક્ષેત્રમાં વિહરનારા કવિઓએ ધર્મ ભાવનાની ઉન્નતિના માર્ગદર્શક અનેક સુંદર ચિત્રો આળેખેલા છે અને ઉચ્ચ આશયો દર્શાવ્યા છે. જો ચૈત્યક્ષેત્ર પલ્લવિત થયેલું ન હોત તો ભક્તિના ગૂઢ તત્ત્વો અને ઉન્નત વિચારો પ્રજામાં પ્રસિદ્ધ થાત નહીં મનુષ્ય હૃદયમાં પ્રેમ ભક્તિની વૃત્તિ સર્વ શિરોમણિ ગણાય છે. અંતઃકરણની નિર્મળતા અને મનોભાવની શુદ્ધિ ચૈત્યની ઉપાસના કરાવે છે. ભગવંતની પ્રતિમાનો પ્રભાવ દિવ્ય છે, તેના દર્શનથી માનવ હૃદય આર્દ્ર બની જાય છે. જે પ્રભુની પ્રતિમા હોય તે પ્રભુના ચારિત્રનો ખ્યાલ મનોભાવપર આવતાં અનુપમ આનંદ અનુભવાય છે.

કૃષ્ણના પુત્ર શાંબકુમારનું દૃષ્ટાંત એ પ્રસંગ ઉપર મનન કરવા જેવું છે. જ્યારે તે યાદવકુમાર ચૈત્યદર્શન કરવાને ગયો, ત્યાં ભગવાન્ ઋષભદેવ પ્રભુની પ્રસન્ન પ્રતિમા તેના જોવામાં આવી ત્યારે તેના હૃદય ઉપર ભારે અસર થઈ હતી. તે પ્રસંગે કવિ વર્ણવે છે કે, શાંબકુમારના હૃદયની ગ્રંથિઓ તુટી ગઇ હતી. અંતરના ઉંડા પ્રદેશમાંથી શુભ ભાવનાનો પ્રવાહ વેહેવા લાગ્યો હતો. તેના મનમાં થયું કે, જે સંસારીઓ વિવિધ વસ્તુઓની આશા ધારણ કરે છે, કે જે આશા પૂરી ન થવાથી તેના હૃદય પિંજરને ચૂર્ણ કરે તેવી યાતનાઓ ઉદ્ભવે છે, તેવા સંસારીઓએ આવા રમણીય ચૈત્યમાં આ અમૃતમય પ્રતિમાનું દર્શન કરવું જોઇએ. જો મનુષ્ય ભવ દશામાંથી મુકત થયેલા પ્રભુની પ્રતિમાના દર્શન કરે તો તેને આ સંસાર વિષમય લાગશે. હૃદયને શુભ ભાવનાઓનો અમૃતમય સ્પર્શ થશે અને તે આ સંસારની ગ્રંથિઓથી બંધાશે નહીં. તેની મનોવૃત્તિમાં ચિંતારૂપી વૃશ્ચિકોના દંશની વેદના થશે નહીં અને હૃદયં વ્યાકુલતા રૂપ અગ્નિની ભયંકર જવાળાના સ્પર્શથી બળશે નહીં. ”

આ દૃષ્ટાંત ચૈત્યક્ષેત્રના મોટા મહિમાને દર્શાવે છે. આવા આવા ઉત્તમ અંતરંગ હેતુઓ વિલોકી વિશ્વોપકારી તીર્થંકરોએ ચૈત્યક્ષેત્રની

સ્થાપના પ્રરૂપેલી છે. ચૈત્યનું આલંબન ઉચ્ચ પ્રકારનું છે. ભાવનાની ખરી મહત્તાનું દર્શન તેમાંજ થાય છે. શુભ પ્રવૃત્તિઓને પ્રેરનારૂં, નિયમમાં રાખનારૂં વિશુદ્ધ નીતિ બળને અર્પનારૂં, અને માનસિક આસ્તાને દૃઢ કરનારૂં આરાધન ચૈત્યદ્વારાજ સધાય છે. એટલુંજ નહીં પણ ધ્યાન માર્ગે જો તે લેવાય છે તો શ્રેયઃસાધનમાં તે પ્રથમ પંક્તિએ આવે છે. દંભ, આડંબર અને અહંતા વગેરે માનસ દોષો પણ ચૈત્યારાધનના બળથી દૂર થઈ જાય છે. આવાજ હેતુથી એક કવિ લખે છે કે, " જો ભવ્યાત્માએ શ્રેયના સોપાન ઉપર ચડવું હોય તો તેણે પ્રતિમાના પ્રભાવથી પ્રકાશિત એવા ચૈત્યદ્વારમાં પ્રવેશ કરવો. શ્રમિત અને ભ્રમિત થયેલા મનને વિશ્રાંતિ લેવાનું ઉત્તમ સ્થળ ચૈત્યદ્વાર છે."

આ સંસારની ઉપાધિઓથી પીડિત થયેલા એક પ્રવાસીએ લખ્યું છે કે, " મનોવ્યથાના મોટા વેગમાં તણાતો, ચિંતાઓની વિષમ જ્વાળાથી દગ્ધ થતો અને શંકા તથા ભયના આવેશથી આકુલ-વ્યાકુલ થતો હું એક ચૈત્યમાં પેઠો. તેમાં પ્રવેશ થતાંજ મારા હૃદય ઉપર જુદીજ અસર થઇ ગઇ. વિદ્યુત્‌ની જેમ મારી માનસિક વ્યથાઓ ઉડી ગઈ. હૃદયની આસપાસ શાંતિ રૂપ સુધાની ધારા પ્રસરવા લાગી. જાણે આનંદના મહાન્ ઉદધિમાં મગ્ન થયો હોઉં, જાણે સ્વર્ગના ભવ્ય ભુવનમાં દાખલ થયો હોઉં, અને જાણે નવીન જીવનમાં આવ્યો હોઉં, તેમ હું એકાએક બની ગયો. ચૈત્યના દ્વાર ઉપર કોતરેલા સિંહોએ અને ચિત્રરૂપ દરવાનોએ મારી ઉપાધિઓને અટકાવી હોય તેમ હું નિરૂપાધિક બની ગયો. ચૈત્યના ગર્ભદ્વારમાં જતાં અને પ્રભુની પ્રતિમાના દર્શન કરતાં તો જાણે હું શાંતિસુધાના મહાસાગરમાં મગ્ન થયો હોઉં, એમ અનુભવવા લાગ્યો. મારી શુભ પરિણતિ અમૃતવેલની જેમ વધવા લાગી. હૃદયમાં ભાવોલ્લાસ પ્રગટ થઈ આવ્યો. એ સુંદર પ્રતિમાના માત્ર દર્શનથી મને તૃપ્તિ થઇ નહીં. તેની પવિત્ર પૂજા કરવાની પ્રેરણા પ્રગટી. તત્કાળ શુદ્ધ અને પ્રાસુક જળથી સ્નાન કરી શરીરની યતના પૂર્વક મર્યાદા કરી વિધિપૂર્વક પૂજા કરી. પૂજન વખતે પ્રભુની પ્રતિમાનો સ્પર્શ થતાં જે આનંદ મારાં રોમેરોમ વ્યાપી ગયો હતો, તે અનિર્વચનીય હતો. તેનું વર્ણન મુખથી કરી શકાય તેમ નથી.

પૂજન અને સ્તવનની ભાવના પ્રગટ કરી મેં મારા જીવનની પૂર્ણ રીતે સાર્થકતા કરી હતી. ”

આ વર્ણન ઉપરથી ચૈત્યક્ષેત્રની મહત્તાનો ખ્યાલ આવી જાય છે. જીવનની સાર્થકતા ચૈત્યક્ષેત્રથી કેટલી છે ? તે જણાઇ આવે છે. આર્હત આગમમાં કવિઓ અલંકારિક ભાષામાં લખે છે કે, “ અમારે કર્મ જાળમાંથી મુક્ત થઇ નિર્વાણ પદ પામવાની તિવ્ર ઇચ્છા છે, છતાં જો કર્મયોગે એ ઇચ્છા પાર ન પડે અને ભવ ભ્રમણ કરવું પડે તો વારંવાર શ્રાવક કુળમાં જન્મ થજો અને સુંદર ચૈત્યમાં વિરાજિત એવી જિન પ્રતિમાની પૂજાનો મહાન્ લાભ પ્રાપ્ત થજો. ” કવિઓની આ ભાવના કેવી દિવ્ય છે ? અને કેવી ચૈત્યક્ષેત્રના માહાત્મ્યને દર્શાવનારી છે. ?

આ ઉપરથી સિદ્ધ થાય છે કે, ઉત્તમ જૈન ગૃહસ્થોએ તન, મન અને ધનથી ચૈત્યક્ષેત્રની ઉન્નતિ કરવી જોઇએ. આર્હત ધર્મની ઉન્નતિનો આધાર બીજા ક્ષેત્રોની સાથે ચૈત્યક્ષેત્રની ઉપર પણ રહેલો છે. જો ચૈત્યક્ષેત્ર પલ્લવિત હશે, તો આર્હત ધર્મની ભાવના વિશેષ પુષ્ટિ પામશે. અને તેનાથી પુણ્યનો સંચય વિશેષ થશે.

સાંપ્રતકાળે ચૈત્યક્ષેત્રની ઉન્નતિ કરવાનું સાધન સુવ્યવસ્થા છે. પૂર્વકાળના ચૈત્યોનો જીર્ણોદ્ધાર કરવો અને તે નિમિત્ત ઉપજતા દ્રવ્યની વ્યવસ્થા કરવામાં સારી યોજના કરવી; એજ ચૈત્યક્ષેત્રને ઉત્તેજન રૂપ છે. અને તેજ તેની ખરી રક્ષા છે. પૂર્વકાળે ઘણાં ચૈત્યો રચાવવામાં ચૈત્યક્ષેત્રની પુષ્ટિ હતી, ત્યારે વર્ત્તમાનકાળે તે પૂર્વ ચૈત્યોની સંભાળ રાખવામાં તે ક્ષેત્રની પુષ્ટિ થાય છે. હવે ચૈત્યોની સંખ્યામાં વધારો કરવા કરતાં પ્રાચીન–પૂર્વ ચૈત્યોની સંભાળ–રક્ષણ અને ઉદ્ધાર કરવામાં જરા પણ ઓછું ફળ નથી અને આ કાળે તેવી કેટલીક જરૂર પણ ખાસ દેખાય છે. કદિ કોઇ દેશ કે સારા ગામમાં આરાધન કરવાના સ્થાન રૂપે ચૈત્યની ખામી હોય તો એક તેવે સ્થળે સામાન્ય ચૈત્યની રચના કરવી આવશ્યક છે, પરંતુ જ્યાં શેહેર કે ગામના પ્રમાણમાં જોઇએ તેટલા ચૈત્યો હોય તેમાં વિશેષ વૃદ્ધિ કરવાની જરૂર નથી. પૂર્વકાળે પ્રતિમા પૂજનના પ્રભાવિક ધર્મની વૃદ્ધિ કરવાની આવશ્યકતા હતી,

તેથી તે સમયના આચાર્યોએ અને મુનિઓએ એ ક્ષેત્રની વૃદ્ધિ કરવાનો ઉપદેશ કર્યો હતો, કે જેમના ઉપદેશથી ભારતવર્ષની ભૂમિ વિવિધ રચનાવાળા અને સ્વર્ગીય વિમાનની શોભાને ધરનારા ચૈત્યોથી નવમંડિત થઇ ગઇ છે. હવે તેની રક્ષા કરવી એજ તે ક્ષેત્રની ઉન્નતિ સાધવા જેવું છે. તેથીજ આચાર્યો ચૈત્યક્ષેત્રના માહાત્મમાં લખે છે કે "જીર્ણોદ્ધાર કરવો એ નવીન ચૈત્યની રચના કર્યા જેવું છે, એટલે ચૈત્યની રચના કરવાથી જે પુણ્ય થાય છે, તે પુણ્ય જીર્ણોદ્ધાર કરવાથી થાય છે. આ કથનનો અંતરંગ હેતુ ઘણોજ ગંભીર છે.

સાંપ્રતકાળે ચૈત્યક્ષેત્રની વ્યવસ્થા ઉત્તમ યોજનાથી થતી નથી, એમ કહેવું, એ તદ્દન અનુચિત નહીં ગણાય. દેવદ્રવ્યની વ્યવસ્થા ઉપયોગ પૂર્વક ન થતી હોય તો વ્યવસ્થા શિવાય તેનો સદુપયોગ થાય, એ શંકા ભરેલું છે. તેમાં ખાસ કરીને મોટા તીર્થ સ્થળમાં તો વ્યવસ્થાનું ઝાંખુ દર્શન થાય છે. કોઇ ચૈત્યક્ષેત્ર ઠદ્દ દ્રવ્યથી પલ્લવિત થતું હશે તો કોઇ ચૈત્યક્ષેત્ર ઉત્તમ [1]સમીક્ષા શિવાય શુષ્ક બની જતું હશે. આવી સ્થિતિમાંથી એ ક્ષેત્રને મુક્ત કરવું જોઇએ. જ્યાં સુધી તેની સુધારણા નહીં થાય, ત્યાં સુધી ચૈત્યક્ષેત્રમાં વાવેલા દ્રવ્યનો સદ્ઉપયોગ થયો ગણાશેજ નહીં.

કોઈ ચૈત્યક્ષેત્રની ભૂમિમાં દેવદ્રવ્યનો વધારો જોવામાં આવે છે, ત્યારે કોઇ ચૈત્યનો નિર્વાહ માંડમાંડ થઇ શકે છે. જેમ ગૃહસ્થો સધનતા નિર્ધનતા વગેરે સ્થિતિનો અનુભવ કરનારા થાય છે, તેવી રીતે ચૈત્યો પણ સધનતા અને નિર્ધનતાની સ્થિતિને ભોગવનારા દેખાય એ આશ્ચર્ય છે.

વળી ચૈત્યક્ષેત્રની બાબતમાં કેટલુંએક શાસ્ત્ર વિરૂદ્ધ વર્ત્તન થતું જોવામાં આવે છે. જેમના પૂર્વજોએ ચૈત્ય બંધાવેલું હોય, તે ચૈત્ય ઉપરજ તેના વારસો અપેક્ષા રાખે છે અને બીજા ચૈત્ય તરફ ઉપેક્ષા રાખે છે. એટલુંજ નહીં પણ કોઇ તો પોતાના વડિલોના ચૈત્યના હિતની ખાતર બીજા ચૈત્યને હાનિ કરવા પણ પ્રવર્ત્તે છે. અને

---

૧ તપાસ.

પોતાના પૂર્વજોના ચૈત્યથી બીજા ચૈત્યનો ઉત્કર્ષ ન થાય, એવી કુભાવના પણ ભાવે છે. તેમ તેવી યોજનાઓ પણ ઘડે છે. આ પ્રવૃત્તિ કર્મના બંધને કરનારી છે. આવી પ્રવૃત્તિથી ચૈત્યક્ષેત્રની હીલણા થાય છે. તેથી ઉત્તમ શ્રાવકોએ સર્વ ચૈત્યો ઉપર સમાન ભાવ ધારણ કરવો જોઈએ.

ચૈત્યક્ષેત્ર કે જે ધાર્મિક ભાવનાને પોષણ કરવાનું મુખ્ય સાધન રૂપ છે અને મોક્ષના દરવાજા પાસે લઇ જવામાં એક અદ્વિતીય સહાય રૂપ છે. એવું ધારી ભગવાન્ તીર્થંકરોએ તેની ઉન્નતિના અનેક નિયમો બાંધ્યા છે. તે સર્વ નિયમોમાં દેવદ્રવ્યની રક્ષાનો મુખ્ય નિયમ કરેલો છે. કોઈ પણ પ્રકારે દેવદ્રવ્યને હાનિ ન પોંહોચે, એમ દર્શાવવાનો હેતુ પણ ગંભીર છે. કારણ કે, દેવદ્રવ્યની રક્ષા એ ચૈત્યક્ષેત્રની રક્ષા છે. જ્યાં દેવદ્રવ્ય સુરક્ષિત છે, ત્યાં ચૈત્યક્ષેત્ર સુરક્ષિત થાય છે. અગ્રાહ્ય, અસ્પૃશ્ય અને અભક્ષ્ય દેવદ્રવ્ય છે; એમ સિદ્ધ કરવાને તે વિશ્વોપકારી મહાત્માઓએ અનેક દૃષ્ટાંતો આપ્યા છે. દેવદ્રવ્ય ઉપયોગમાં લેવાથી કેવા અનર્થો થાય છે, તેને માટે કેવળી ભગવાનોએ અસરકારક આખ્યાયિકાઓ આપેલી છે. અને દેવદ્રવ્ય સુરક્ષિત કરવાનું માહાત્મ્ય પ્રગટ કરી બતાવ્યું છે. આટલા ઉપરથી એમ સમજવાનું નથી કે દેવદ્રવ્યનું રક્ષણ કરનારાઓએ તેના ઉપર પોતાની માલેકી રાખી તેનાથી બીજા ચૈત્યોનો ઉદ્ધાર કે રક્ષણ થવામાં બેદરકાર કે સાંકડા થવું જોઇએ. ગમે તે સ્થળના દેવદ્રવ્યનો ઉપયોગ કોઈ પણ સ્થળના ચૈત્ય રક્ષણ–ઉદ્ધાર માટે કરવામાંજ તેની સાર્થકતા છે. એવો વિચાર નહિ રહેવાથી તે દેવદ્રવ્યનું રક્ષણ કરવાને માટે માલેકી ધરાવનારાના સાંકડા વિચારેજ હજી અનેક સ્થળે ચૈત્યો અરક્ષિત સ્થિતિમાં છે અને કેટલેક સ્થળે અપૂજનિક અને જીર્ણ થઇ ગયેલ સાંભળવામાં અને જાણવામાં આવે છે.

આ સર્વનો વિચાર કરતાં આપણા સમજવામાં આવે છે કે, ચૈત્યક્ષેત્રની સ્થાપના કરવામાં ઘણાં અંતરંગ હેતુઓ રહેલા દેખાય છે. ચૈત્યવૃક્ષ પલ્લવિત રહેવાથી આર્હત ધર્મનો ઉદય સદા ટકી રહેવાનો છે. પ્રભુની પ્રતિમાની પૂજા અનેભાવનાનો એવા ઉત્તમ હેતુથી પ્રરૂપણા કરવામાં આવી છે કે, જે પરિણામે માનવજીવનનું મોટું માહાત્મ્ય

વધારનારી છે. તે ઉપર આર્દ્રક નામના અનાર્ય દેશના રાજકુમાર આર્દ્રકુમારનો ઇતિહાસ જાણવા જેવો છે. એક અનાર્ય દેશના રાજકુમારને માત્ર પ્રતિમાના દર્શનથીજ જીવિતનો અનુપમ લાભ મળ્યો હતો. તેથી સાંપ્રતકાળના દરેક શ્રીમંતોએ તે ચૈત્યક્ષેત્રની ઉન્નતિને માટે સતત શુદ્ધ પ્રવૃત્તિ કરવી જોઇએ. જેથી પલ્લવિત થયેલા ચૈત્યક્ષેત્રથી આર્હત ધર્મની જાહોજલાલી વિશેષ વૃદ્ધિ પામશે. (અપૂર્ણ.)

# પવિત્ર જીવન અને તેની પ્રતિજ્ઞાઓ.

લેખક: શા. ફતેચંદ ઝવેરભાઇ.

અનેક જન્મોને વિષે દુઃસાધ્ય એવા અમૂલ્ય માનવ દેહને પ્રાપ્ત કરી જે મનુષ્ય પ્રાણીઓ પાશવવૃત્તિ અથવા આસુરી ભાવનાને આધીન થઈ પોતાનું જીવન અપવિત્ર, અનીતિમાન્ અને અવિશુદ્ધ સ્થિતિમાં વ્યતીત કરે છે તેઓને દૈવી સંપત્તિની સુગંધનો અનુભવ ક્યાંથી હોઇ શકે ? ક્રોધ, અહંકાર, કપટવૃત્તિ, ઠગબુદ્ધિ, અને અસંતોષ તેમજ પંચેંદ્રિયજન્ય વિષયવાસનાવડે પરતંત્ર થયેલું જીવન શી રીતે પવિત્ર હોઇ શકે ? પવિત્ર જીવન વ્યતીત કરવાના વિચારોનું વારંવાર પરિવર્તન થવું એજ જ્યાં મોટી મુશ્કેલીની સ્થિતિ હોય છે ત્યાં તે વિચારોના ફળ રૂપે પ્રાપ્ત થતો તેમનો અમલ અને તે અમલને આખી જીંદગી સુધીમાં ઉચ્ચતર સ્થિતિમાં મૂકતા જવું એ તે કરતાં પણ વિશેષ કઠિન છે, એમ માનવશાસ્ત્ર અને ઇતિહાસ પુરાવો આપી શકે છે. અનેક મનુષ્યો પોતાના વર્તમાન અધિકારની મર્યાદા નક્કી નહીં કરતાં માત્ર એકદમ ઉચ્ચતમ–શિખર ઉપર રહેલી સ્થિતિનું અવલોકન કરે છે–તેને ઇચ્છે છે, અને તે પ્રાપ્ત કરવા ફાંફા મારવા જતાં અનુક્રમે પ્રાપ્ત થતી પોતાની પ્રગતિને એકદમ ઉછાળો મારવા જતાં ગુમાવી બેસે છે અને અધોગતિના માર્ગમાં આવી પડે છે; આવી પરિસ્થિતિ એમ સાબીત કરે છે કે આપણે આપણું દૃષ્ટિબિંદુ એકદમ ઉંચામાંઉંચું લઇજવા કરતાં પોતાનો અધિકાર, પોતાની વર્તમાન મર્યાદા, પોતાના આસપાસના સંયોગો અને પોતાની તુલના શક્તિ વિગેરે બરાબર તપાસી તેને અનુ-

ફળ કયો માર્ગ ગ્રહણ કરવાથી ક્રમશઃ પ્રગતિ થશે તેનો બરાબર વિચાર કરી ઉન્નતિ માર્ગમાં આગળ વધાય તો જેવું સંગીન ફળ પ્રાપ્ત કરી શકાશે તેવું ફૂદકો મારવાના માર્ગમાંથી પ્રાપ્ત થઇ શકવાનું નથી. પ્રત્યેક મનુષ્યે એક વ્યાપારીના વાર્ષિક સરવૈયાની માફક પ્રત્યેક રાત્રિએ નિદ્રામાં શયન કરતાં પહેલાં મન વચન અને કાયાવડે થયેલા પવિત્ર અથવા અપવિત્ર કાર્યોનો હિસાબ તપાસી જવાની અનિવાર્ય આવશ્યકતા રહેલી છે, એ બહુજ ઓછા મનુષ્યો સમજતા હોય છે. કેમકે આપણને અન્ય મનુષ્યને માટે કોઇ મનુષ્ય પૂછે કે તમો પેલા મનુષ્યોમાં લગભગ કેટલા દોષો જોઇ શકો છો? તરતજ આપણને તે મનુષ્યમાં ઇર્ષા, મદ, મત્સર, ક્રોધ, વિષયવાસના વિગેરે થોડા પ્રમાણમાં કદાચ લાગતા હશે તો પણ મોટા પ્રમાણમાં આપણે બતાવ્યા સિવાય રહેશું નહીં; તે સાથેજ કોઈ આપણને પ્રશ્ન કરે કે તમો તમારા પોતાનામાં કેટલા દોષો જોઇ શકો શકો છો? ઉત્તરમાં આપણે કહીશું કે આવતી કાલે વિચારીને કહીશ. આમ ઉત્તર દેવાનું કારણ આપણે આપણા દોષો જોવામાં, તેના ઉપાયો શોધવામાં અને તેનો પ્રતીકાર તૈયાર કરવામાં, કદાપિ સમીક્ષા કરી નથી; વર્તમાનમાં કરતા નથી. આમ હોવાથી ગુણદોષનો જે હિસાબ વિચારણાના અગ્ર ભાગે અને પછીથી જિહ્વાગ્રે હોવો જોઇએ તે હિસાબને તપાસવાનો સમય આવતાં આપણે તેને શોધવો પડે છે. ત્યાર પછી બીજે દિવસ વિચારતાં દોષોની તપાસ શરૂ કરતાં આપણને આપણામાં લગાર ક્રોધ, સહેજ અસરળતા, અલ્પ અસંતોષવૃત્તિ અને વિષયવાસનાની મંદ પ્રબળતા વિગેરે વિગેરે દોષો પર્વત તુલ્ય હોય તો પણ પરમાણુ તુલ્ય ભાસે છે.

વસ્તુ સ્થિતિ આવી હોવાથી સત્સંગ અથવા ગુરૂના ઉપદેશ વડે જે વખતે આપણે પ્રતિજ્ઞા લેવા તૈયાર થઇએ છીયે એટલે કે અમુક વખત સુધી અમુક મનુષ્યોના સંબંધમાં ક્રોધ ઉત્પન્ન નહી થવા દેવો, અમુક વખત સુધી ખાવાની લાલસા ઓછી કરી તપશ્ચરણ કરવું, અમુક વખત સુધી બ્રહ્મચર્યની પાલના કરવી, અમુક મર્યાદા સુધી વચન ગુપ્તિ કરવી વિગેરે અંગીકાર કરવા તત્પર થઇએ છીએ ત્યારે સહેજ વખતને માટે પણ આપણને બહુ કઠિન ભાસે છે અને તે વખતે આ-

પણામાં આપણે અલ્પ પ્રમાણમાં જોયેલા દોષો જબરદસ્તપણે ઘર કરી રહેલા હોય તેમ અનુભવ સિદ્ધ કરાવી આપે છે. અને એમ સમજાય છે ત્યારેજ અપવિત્ર જીવનથી થયેલી આપણી પરતંત્રતાનું વિશાળ પ્રમાણ દૃષ્ટિમાર્ગમાં આવે છે; જેથી પૂર્વપ્રાપ્ત અપવિત્ર સંસ્કારોને દૂર કરી અટકાવવા અને પવિત્ર જીવન વહન કરવા, દરેક મનુષ્યે સાત પ્રતિજ્ઞાઓ પોતાના અધિકાર પરત્વે અનુક્રમે ગ્રહણ કરવાની છે અને તેનું પાલન કરી ઉત્તરોત્તર પોતાના આત્માનો ઉન્નતિક્રમ વધારવાનો છે અને છેવટે આત્માની અનંતશક્તિને સર્વ ગમ્ય હોવાથી જે ઉચ્ચતમ દૃષ્ટિબિંદુ રચેલું હોય છે તેને પ્રાપ્ત કરવાનું છે. તે પ્રતિજ્ઞાઓ આ પ્રકારે છે.

૧ માર્ગાનુસારિપણું, ૨ શરીરશુદ્ધિ, ૩ વાસનાશુદ્ધિ, ૪ નીતિમાન્‌પણું, ૫ જનસમાજસેવા, ૬ આત્મસાક્ષાત્કાર, ૭ અભેદભાવ.

સૌથી પ્રથમ સ્થિતિમાં દરેક મનુષ્યમાં સામાન્ય ગુણો હોવા જોઇએ; એટલે કે તેણે સૌમ્ય, લજ્જા, દયાલુતા, ભદ્રકપણું વિગેરે શાસ્ત્રોક્ત પાંત્રીશ ગુણોના અધિકારી થવું જોઇએ. આમાં ખાસ કરીને ગૃહસ્થાશ્રમની શરૂઆતનો પ્રસંગ હોવાથી અર્થશુદ્ધિની અગત્યતા છે. દ્રવ્યશુદ્ધિને માટે એક સંક્ષિપ્ત દૃષ્ટાંત અત્ર યોગ્ય થઇ પડશે.

શિખ પ્રજાના ગુરૂ **નાનક** જંગલોમાં ફરતાં ફરતાં એક વખત એક નગરમાં આવી પહોંચ્યા. તેઓએ પોતાનો ઉતારો એક સુતાર કે જે તદ્દન સામાન્ય સ્થિતિનો માણસ હતો, તેને ઘરે રાખ્યો. તે સુતારને ત્યાં સુકા રોટલાનું ભોજન કરતાં એક બે દિવસ વિત્યા પછી તે નાનકગુરૂને તે નગરના પૈસાપાત્ર મનુષ્યોએ દરરોજ છુટું છવાયું જમવાને માટે આમંત્રણ કરવા માંડયું. એક વખત એક શ્રેષ્ઠિને ત્યાં જમવાનો વારો આવ્યો, તે દિવસે સુંદર રસવતી તેમને પીરસવામાં આવી. ભોજનપાત્રો સંપૂર્ણ રીતે તૈયાર થઇ રહ્યા પછી તે શ્રેષ્ઠિએ શરૂ કરવા વિનંતિ કરી; તેવામાં નાનક ગુરૂ બોલ્યા, 'જો તેરી રસવતી તૈયાર હો ચુકી હૈ સો ખૂન ઔર પરૂકે ટીપાંસે હી બની હૂઈ હૈ' ત્યારે શ્રેષ્ઠિએ પૂછયું કે આશ્ચર્ય લાગે છે કે આપ આ શું કહો છો ? હું તે કાંઇ

જોઈ શકતો નથી. કોઇની રસોઇ દૂધથી બનેલી હશે અને તે કોની છે? હોય તો અત્યારેજ દર્શાવવા કૃપા કરશો. ગુરૂએ કહ્યું, ' જો સુતાર કે ઘેર હમને વાસ કીયા ગયા હે ઉસકી રોટી દૂધસેં બનતી હે, ઔર ઉસમેં સર્વત્ર દૂધ હે ' શ્રેષ્ઠિ સાહેબે કહ્યું, સાબીત કરી આપશો તોજ સંતોષ થશે. ગુરૂએ તરતજ તે સુતારને ઘરેથી સૂકો રોટલો મંગાવ્યો, અને એક હાથમાં તે રસવતી અને બીજા હાથમાં રોટલો રાખીને મુષ્ટિ વડે દાબતાં પેલી રસવતીમાંથી લોહીનાં ટીપાં પડવા માંડયા અને રોટલામાંથી દૂધ નીકળવા માંડયું. તે શ્રેષ્ઠિ આશ્ચર્યમાં ગરકાવ થયો અને પૂછયું; આનું કારણ શું હશે? નાનક ગુરૂએ કહ્યું. અનેક પ્રકારના વિશ્વાસઘાત, અપ્રમાણિકપણું અને અનેક મનુષ્યોના ગળાં રહેંસીને ઉત્પન્ન કરેલા દ્રવ્યવડે નિષ્પન્ન થયેલાં આ અન્નમાં દૂધની આશા કયાંથી આવી શકે તેનો વિચાર કર?

આ દૃષ્ટાંત ઉપરથી શ્રીમદ્ હરિભદ્રસૂરિએ પ્રબોધેલા ' **न्यायोपार्जितं वित्तं उभय लोक हिताय तत्** ' સૂત્રને વારંવાર સ્મરણ કરી તદનુસાર વર્તન કરવાની પ્રથમ આવશ્યકતા છે. વ્યાપાર, વકીલાત હુન્નર, ઉદ્યોગ અથવા નોકરી વિગેરે દરેક ધંધાને માટે ખાસ કરીને અર્થશુદ્ધિની આવશ્યકતા છે, તેની અશુદ્ધિ હોવાથી પ્રથમ પાયો મૂળમાં સડેલો બને છે અને પછીનું ચણતર સ્થાયી રહેવું મુશ્કેલ છે. આથી માર્ગાનુસારી થવાની પ્રથમ આવશ્યકતા છે અને તેને માટે તેના ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન સેવવાની અગત્ય છે.

મનુષ્ય પ્રાણીને માટે બીજી જરૂરીયાત શરીરશુદ્ધિની પ્રાપ્તિ પરત્વે છે. આ શુદ્ધિ માત્ર પાણીવડે કરવાની છે તેમ નથી, તે તો જલમત્સ્યો પોતાના શરીરની શુદ્ધિ જળ વડે અહોનિશ કર્યા કરે છે; પરંતુ પોતાના શરીરને કોઇ પણ અપવિત્ર માર્ગમાં જવા દેવું નહીં તે શુદ્ધિને માટે કહેવાનું છે. ખાસ કરીને જીવનની પવિત્રતા અથવા અપવિત્રતાનો આધાર શરીર, મન અને બુદ્ધિ ઉપર રહેલો છે. શરીર જે જે સ્થળે જાય છે અને પોતાની પવિત્રતા ગુમાવી બેસે છે, તે પ્રથમ તપાસવાનું છે. દૃષ્ટાંત તરીકે આપણુને અમુક અભક્ષ્ય ખાવાની લાલસા

ઉત્પન્ન થઇ તે વખતે મને વિચાર કર્યો, બુદ્ધિએ નિર્ણય કર્યો પરંતુ આત્માને આધીન થઇ શરીર જો તે ખાવાને માટે પ્રયત્ન ન કરે તો મન અને બુદ્ધિને શાંત બેસી રહેવું પડે છે. પરંતુ શરીર જો તત્કાળ તેને અનુસરે તો શારીરિક અપવિત્રતા થઇ ચુકી. તેવીજ રીતે એક મનુષ્યને વ્યભિચાર કરવાની ઇચ્છા મન વડે થઇ, બુદ્ધિ વડે નિર્ણીત થઇ પરંતુ તે વખતે શરીરથી જો તે મનુષ્ય પાછો હઠે—શરીરને તે માર્ગમાં પ્રવર્તાવે નહિ તો અવશ્ય તે શારીર દોષથી બચવાનો—આમ હોવાથી પ્રથમ શરીરની પવિત્રતા પ્રાપ્ત કરવાની છે. આમ થાય ત્યારેજ મન શાંત થતાં તેવા સંસ્કારોની અસર વારંવાર થાય છે અને પોતાનું વર્તન બંધાય છે. શરીર વડે પવિત્ર રહેવાનું સામર્થ્ય પ્રાપ્ત થશે ત્યારે મન અને બુદ્ધિને થાકીને પવિત્ર રહેવું પડશે અને ધીમે ધીમે ઉભયને સમજાશે કે જે વિચારો અમુક વખત પહેલાં આપણે કરેલા હતા તે દોષવાળા અને અપવિત્ર હતા. આમ હોવાથી શરીરને અયતનામાં પ્રવર્તાવવા માટે સૌથી પ્રથમ સાચવવાનું છે. આ ટેવ બંધાયા પછી ત્રીજી પ્રતિજ્ઞા વાસના શુદ્ધિની પ્રાપ્ત કરવા તૈયારી કરવી પડે છે.

વાસના શુદ્ધિને માટે જૈનદર્શનમાં કહેલી અંતરાત્મપણાની સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. દેહ એજ હું, મારૂં ઘર, મારાં સ્વજનો, મારી મીલકત વિગેરે જે મારાપણાની બુદ્ધિ આ મનુષ્ય પ્રાણીઓ કરી રહેલાં છે તે વાસ્તવિક રીતે પોતે અને પોતાનાં નહીં હોવાથી માનસિક અપવિત્રતાથી ભરેલા છે. હું, આ શરીર, મીલકત, સ્વજનો અને સગાં વહાલાંઓથી જુદો—અન્ય છું, મારે અને તેને કાંઇ લાગતું વળગતું નથી; ઉપચારવડે મારાં પોતાનાં માની લીધેલા છે; પરંતુ વાસ્તવિક રીતે મારો સ્વભાવ, મારી પરિસ્થિતિ અને મારો ધર્મ તેઓથી ભિન્ન હોવાથી મારો અને તેમનો સંબંધ ક્ષીર નીર જેવો છે. આમ વિચારવાથી અને પોતાને ભ્રાંતિમાંથી બહાર આણી બરાબર ઓળખી લેવાથી બહિરાત્મ ભાવની મૂઢતા દૂર થઇ અંતરાત્મપણું પ્રગટે છે. અહીંથી સર્વ જીવોની સાથે ભ્રાતૃભાવ શરૂ થાય છે. પોતાના જેવાજ અન્ય જીવો લાગે છે, પોતાને દુઃખ થાય તો પોતે કેટલી

પીડા અનુભવતો હતો તે સમજતાં અન્ય પ્રાણીઓ પણ તેવીજ ભૂલ કરતા હશે તેમ સમજાય છે. આવો વિવેક પ્રગટ થતાં આપણે આપણા સમાન બંધુ તરફ પ્રીતિભાવ, વડીલ તરફ પૂજ્યબુદ્ધિ અને લઘુ બંધુઓ તરફ અનુકંપા શીખીયે છીયે. જે પ્રસંગે આપણને કોઈ વડીલ શીખામણ આપે તે વખતે ક્રોધ કરતા હતા, અભિમાનવૃત્તિ ધારણ કરી પોતાનામાં દોષ નથી, એવું ભાન લાવતા હતા તે દૂર થઈ પોત પોતાની ફરજમાં પ્રવૃત્ત થવા માંડીએ છીએ. 'કોઈ પણ પ્રાણીનો આત્મા અમર હોવાથી તેને હણવામાં પાપ નથી' એવી માન્યતાવાળું અંતરાત્મપણું પ્રાપ્ત કરવાનું નથી પરંતુ તેને થતું દુઃખ અને તે વડેપ્રાપ્ત કરાતી આપણા આત્માની મલિનતાનો વિચાર કરવાનો છે. તેમજ 'અન્ય પ્રાણીને પૌદ્ગલિક ભાવજન્ય દુઃખ હોવાથી તે દુઃખ પણ વાસ્તવિક નથી' એવી માન્યતાવાળું અંતરાત્મપણું પ્રાપ્ત કરવાનું નથી કિંતુ પોતાના સદ્વિચારોવડે ભ્રાતૃભાવ શરૂ કરવાનો છે. આ શરૂઆત પછી જે મનને આધીન આત્મા અત્યાર સુધી વર્તતો હતો—લગભગ મને કહેલો દરેક હુકમ ઊઠાવતો હતો અને તેનો અમલ કરવા શરીરનેપ્રેરણા કરતો હતો તે હવે મનને પોતાના સ્વાધીનમાં પોતાના દોર ઉપર ચલાવવા પ્રયત્નબળ મેળવે છે. અંતરાત્મવાન્ મનુષ્ય સર્વ પદાર્થોને, તેથી પ્રાપ્ત થતા સંયોગોને, આકસ્મિક પ્રસંગોને અને અનેક રંગીપણાને સાક્ષી રૂપે જાણે છે અને જુએ છે. જગત્‌ની આસપાસના બનાવોનો દૃષ્ટા હોવાથી તેમજ જે આત્મા તે દેખે છે તેને પણ પોતે ઓળખતો હોવાથી તે મનુષ્ય ક્રોધાદિ સ્વરૂપમાં પલટાઇ જતો નથી, અહંકાર વડે અક્કડ થતો નથી, માયાનું સેવન કરતાં ડરે છે અને અસંતોષવૃત્તિને દાબી દેવા માંડે છે. આ અસર ઇંદ્રિયના વિષયો ઉપર થતાં માનસિક વાસનાઓ ઓછી થતી જાય છે અને વિકાર વિષ અંદરથી સૂકાતું જાય છે. આ વાસના શુદ્ધિને માટે દાન શીલ તપ અને ભાવનાની જરૂરીયાત પડે છે. દાન વડે લક્ષ્મીની અશુદ્ધિ દૂર થાય છે, શીલ અને તપવડે શરીર અને મનનું ઝેર ઉતરે છે અને ભાવ વડે આત્માની પૌદ્ગલિક ભાવના નષ્ટ થાય છે. આમ હોવાથી જિનેંદ્ર પૂજા અને ગુરૂ સેવા—પ્રાણીઓ ઉપર અનુકંપાવૃદ્ધિ વિગેરે ઉપચારોનો

સતત અભ્યાસ કરવાની જરૂર છે. જો તેમ કરવામાં આવે તોજ વાસના શુદ્ધિ ટકી શકે છે. અન્યથા ક્ષણવારમાં પલટાઇ જાય છે. આ શુદ્ધિ વડે ભ્રાતૃભાવ અને પવિત્રતાનું માનસિક બળ પ્રાપ્ત થતાં બુદ્ધિની મલિનતા ઓછી થાય છે. આ દેહદ્વય ( Phisical & mental body ) થી પવિત્ર થયેલું જીવન પછીથી ચતુર્થ કોટીમાં આવવા માટે અધિકારી બને છે.

અપૂર્ણ.

# વર્તમાન સમાચાર.

## શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક ઇનામી પરિક્ષામાં મેસાણા શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના પાસ થએલા વિદ્યાર્થીઓના ઇનામનો મેલાવડો.

**મેસાણા તા. ૯-૫-૧૯૧૩.**
**સંવત્ ૧૯૬૯ના વૈશાખ શુદ ૩ શુક્રવાર.**

આજરોજ સવારના નવ વાગતા મુનિ મહારાજ શ્રીમાન્ હંસવિજયજીના પ્રમુખપણા નીચે ઉક્ત મેલાવડો ભરવાને અગાઉથી આમંત્રણ કરવામાં આવ્યું હતું. અનેક સંભાવિત ગૃહસ્થો સારી સંખ્યામાં હાજર થયા હતા. મેલાવડો વ્યાખ્યાન પછી તરતજ હોવાથી શ્રાવિકા સમુદાય તથા સાધ્વી શ્રી સુમતિશ્રીજીએ પણ સભામાં ભાગ લીધો હતો. શરૂઆતમાં સદર પાઠશાળાના વિદ્યાર્થીઓએ શાસન નાયક " મહાવીર દેવ " અને કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ " હેમચંદ્રાચાર્ય "ની સ્તુતિ ગર્ભિત મંગળાચરણ મધુર ગિરામાં કર્યું હતું. ત્યાર બાદ માસ્તર ભગવાનદાસ મીઠાભાઇએ પરીક્ષાનું પરિણામ જણાવતાં જણાવ્યું કે શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ તરફથી લેવાયેલી શેઠ અમરચંદ તલકચંદની ધાર્મિક ઈનામી પરિક્ષામાં સદર પાઠશાળાના ૨૧ ઉમેદવારો બેઠા હતા. પાંચમા ધોરણમાં એક, ચોથા ધોરણમાં એક, ત્રીજામાં એક, બીજાના **अ** વિભાગમાં પાંચ, **ब** વિભા-

ગમાં બે અને પહેલામાં ૧૧ મળી કુલ્લે ૨૧ ઉમેદવારો પૈકી અઢાર વિદ્યાર્થીઓને રૂા. ૧૯૫)નું ઇનામ મળ્યું છે. ત્રણ વિદ્યાર્થીએ પચ્ચાસથી ઓછા માર્ક મેળવવાથી તેને સર્ટીફીકેટોજ મળ્યાં છે. પાંચ ધોરણમાં કુલ્લે રૂા. ૪૫૮)નું ઇનામ વહેંચાવવાનું મુકરર થએલું તે પૈકી રૂા. ૧૯૫) જેવી મોટી રકમ ફક્ત આ એકજ સંસ્થાએ મેળવી છે. એ વિદ્યાર્થીઓના અભ્યાસમાં દૃઢ પ્રયત્નનુંજ ફળ છે. પરીક્ષાના પ્રમાણપત્રો પૂજ્ય પ્રમુખ સાહેબના હસ્તથી અને ઇનામની રકમ અહીંના સુપ્રતિષ્ઠિત ગૃહસ્થ પારેખ હરિચંદ રવચંદના હસ્તથી વહેંચાવવાની હું દરખાસ્ત કરૂં છું. તેને સર્વાનુમતે ટેકો મળવાથી ઇનામ અને સર્ટીફીકેટો ક્રમસર અપાયાં હતાં. ત્યારબાદ પ્રમુખ સાહેબે વિદ્યાર્થીઓએ મેળવેલા પારિતોષિકથી તેમના અભ્યાસ તરફ સંતોષ જણાવતાં જણાવ્યું કે વિદ્વાનપણું સર્વ કરતાં શ્રેષ્ઠ છે. વિદ્યાવડે મનુષ્યના સુખ, દેવતાના સુખ અને પરંપરાએ મોક્ષ મેળવી શકાય છે, માટે વિદ્યાર્થીઓ વધુ ને વધુ અભ્યાસ કરી આ કરતાં પણ વધારે સારાં પરિતોષિક મેળવે એમ હું ચાહું છું. આ વિગેરે ઉત્તમ બોધક વચનો કહ્યા બાદ મુનિશ્રી કુસુમવિજયજીએ પ્રમુખ સાહેબની આજ્ઞાનુસાર વિદ્યાની પુષ્ટિ નિમિત્તક અસરકારક વિવેચન કર્યું હતું. ત્યાર બાદ પારીખ માણેકલાલ ત્રીકમદાસે પ્રમુખ સાહેબનો ઉપકાર માનવાની દરખાસ્ત મૂકી હતી, તેને સર્વાનુમતે અનુમોદન મળતાં સભા વિસર્જન કરવામાં આવી હતી.

इत्यलम्.

૩ સુકૃત રત્નાવળી [ મૂળ ] શ્રી વિજયસેનસૂરિ વિરચિતા } ખેડા નિવાસી એક જૈન મંડળ તરફથી.

૪ આત્મોન્નતિ-પૂર્વાચાર્યોની કૃતિના આધારે નવી પદ્ધતિએ તૈયાર કરેલ } શેઠ વહાલુભાઈ લવજી પાલનપુરતથા શેઠદલીચંદ વીરચંદ સુરતવાળા તરફથી.

૫ કાય સ્થિતિ
૬ વિચાર પંચાશિકા
૭ વિચાર સિત્તરી } મૂળ તથા ભાષાંતર સાથે. } શેઠ આણંદજી પુરૂષોતમ ભાવનગરવાળા તરફથી.

## મૂળ તેમજ ભાષાંતરનાં નવા છપાતા ગ્રંથો.

૮ બંધ ષટ્ ત્રિંશિકા. } શેઠ બાલમુકુંદ નારણદાસ સુરતવાળા તરફથી.

૯ પરમાણુખંડ ષટ્ ત્રિંશિકા
૧૦ પુદ્ગળષટ્ ત્રિંશિકા
૧૧ નિગોદષટ્ ત્રિંશિકા } વૃત્તિસાથે } શેઠ તલકચંદ પ્રેમચંદ સુરતવાળા તરફથી.

૧૨ ભાષ્ય ત્રય સાવચૂરિ } પટેલ ઉમેદભાઈ રણછોડભાઈ નારવાળા તરફથી.

૧૩ શ્રાદ્ધગુણ વિવરણ ભાષાંતર } વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ ભાવનગરવાળાની સહાયથી.

## છપાવવાને તૈયાર કરેલા મૂળ ગ્રંથો.

( થોડી મુદતમાં છપાશે. )

૧૪ પંચ સૂત્રસટીક હરિભદ્રાચાર્ય કૃત } વકીલ હીરાલાલ ગોકળદાસ તરફથી.

૧૫ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણસટીક ૧૮ પ્રજ્ઞાપના તૃતીય પાદ સંગ્રહણી.
૧૬ પંચ નિગ્રંથી સાવચૂરિ. ૧૯ બંધોદય સત્તા પ્રકરણ સાવચૂરિ.
૧૭ શ્રાવક વ્રત ભંગ સાવચૂરિ. ૨૦ વિચાર સિત્તરી સાવચૂરિ.
૨૧ અષ્ટકજી, ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી કૃત મૂળ; અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ કૃત જ્ઞાન મંજરી ટીકા સહિત.

ઉપર પ્રમાણેના ગ્રંથો હાલમાં છપાય છે તેમજ બીજા ગ્રંથો છપાવવા માટે તૈયાર થાય છે તે, તેમજ હવે પછી છપાવવામાં આવતા તેવા માત્ર મૂળ ગ્રંથો દ્રવ્ય સહાય આપનાર જૈન બંધુઓની સૂચના મુજબ ભેટ આપવામાં આવે છે. વેચાણ લેનારને મુદ્દલ કિંમતે અપાય છે. નફાનો વ્યય જ્ઞાન ખાતામાં–તેવા પુસ્તકો છપાવવામાંજ કરવામાં આવે છે. તે સિવાય બીજા મૂળ ગ્રંથો અમુક અમુક ગૃહસ્થની દ્રવ્ય સહાય વડે પણ કેટલાક છપાવવાના છે, જેની પ્રેસ કોપીઓ તૈયાર થાય છે. તેની જાહેર ખબર હવે પછી આપવામાં આવશે.

**નીચે લખેલા પુસ્તકો આ માસમાં અમોને ભેટ મળ્યા છે તેઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.**

૧ ભાગ્યોદય ( માસીક )–અધિપતિ જેઠાલાલ દેવશંકર દવે અમદાવાળા તરફથી.

૧ વિવેચક(માસીક)–અધિપતિ હરીભાઇ દાદાભાઈલાછરસવાળા તરફથી.

૧ શ્રીબોધ ( માસીક )—તેના અધિપતિ માલેક જાહાંગીર કે ખુશરૂ કાબરાજી મુંબઈવાળા તરફથી .

૧ સનાતન ધર્મ મંડળ–અધિપતિ પં. રૂપચંદ્રશર્મા કરાંચીવાળા તરફથી.

૧ સતી નર્મદા ચરિત્ર–પ્રકાશક શ્રી જૈન મિત્રમંડળના તરફથી.

## પન્યાસજી શ્રી પ્રતાપવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

આ મહાત્મા ગયા પોશ માસમાં વદી ૩૦ ના રોજ ઉંઝા ગામે ૫૭ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. દીક્ષા પર્યાય કુમારે ચાલીશ વર્ષનો હતો. સં. ૧૯૪૮ની સાલમાં પંન્યાસ પદવી પ્રાપ્ત થઇ હતી. સ્વભાવે શાંત, ક્રિયાપાત્ર અને સાધુ સમાચારીમાં કુશળ હતા. ઘણે સ્થળે ઘણી વખત ઘણા સાધુ સાધ્વીઓને યોગ વહન કરાવ્યા છે. તેઓશ્રીના વિહાર પ્રાયે કાઠીયાવાડ ગુજરાત અને મારવાડમાં હતો. તારંગાજી મહાન્ તીર્થ ઉપર તેઓને અત્યંત ભક્તિ ભાવ હોવાને લઇને ઉક્ત તીર્થના જીર્ણોદ્ધાર વગેરે માટે સતત ઉપદેશ આપતા હતા. અત્યારે આ તીર્થની જે અપૂર્વ શોભા છે તે ઉક્ત મહાત્માના ઉત્તમ પ્રયાસનું ફળ છે. આ મહાત્માની જૈન કોમમાં ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને શાંતિ મળો એટલી પ્રાર્થના સાથે વિરમીએ છીયે.

## “ સુધારો ”

ગયા ફાગણ માસના અંકમાં “આઠમી શ્વેતામ્બર જૈન કોન્ફરન્સના સંબંધમાં કેટલીક સુચનાઓના” એ લેખમાં પાને ૧૯૪ મે “ દશ હજાર જૈનોની વસ્તીમાં ફકત ૧૮૪ મનુષ્યો ઇંગ્રેજી લખી વાંચી જાણે છે. તેને બદલે ફક્ત ૧૮ અઢારજ મનુષ્યો ઇંગ્રેજી લખી વાંચી જાણે છ તેમ સમજવું.

‘, મુંબઇ ઇલાકામાં સ્રીયોની સંખ્યા પુરૂષો કરતાં ૯૩૫૦ જેટલી ઓછી છે. તેને બદલે ૧૯૩૫૦ જેટલી ઓછી છે તેમ સમજવું.